રાજ્યની દસ લાખ મહિલાઓને એક હજાર કરોડની વિના વ્યાજે લોન અપાશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નારી ગૌરવ દિવસે મહિલા ઉત્કર્ષલક્ષી વિવિધ કાર્યક્રમોનો વડોદરાથી કરાવ્યો પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનના સફળ પાંચ વર્ષ પૂર્ણ થવા અવસરે આદરવામાં આવેલા જનસેવા યજ્ઞ અનુષ્ઠાનનો ચોથો દિવસ નારીશક્તિને અર્પણ કરવામાં આવ્યો છે.

સમગ્ર રાજયની નારીશક્તિની અભિવંદના કરવા વડોદરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે સમાજના દરેક વર્ગને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં એક નવું જ વિકાસ વિશ્વ આપણે સર્જ્યુ છે. નારીશક્તિના આશીર્વાદથી આપણી સરકાર શાસનના પાંચ વર્ષ પૂરા કરી રહી છે. પાંચ વર્ષ પુરા થવાનો આ પ્રસંગ એ સરકાર માટે કોઈ ઉજવણીનો પ્રસંગ નથી, પરંતુ જનસેવાના કાર્યોનો સેવાયજ્ઞ આદર્યો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૨૨ પહેલા રાજ્યની ૧૦ લાખ મહિલાઓને તેમાં જોડીને રૂ. એક હજાર કરોડનું વિના વ્યાજનું ધીરાણ આપવામાં આવશે. આ નવ દિવસીય સેવાયજ્ઞમાં રાજ્યમાં ૧૮ હજાર કાર્યક્રમો થકી રૂ. ૧૫ હજાર કરોડના કરોડના કામો સરકાર સામે ચાલીને લોકોને અર્પણ કરી રહી છે.

આ સેવાયજ્ઞ દરમિયાન લોકો પાસે જઈને લોકોનો વિશ્વાસ વધુ દૃઢ કરવો છે કે પાંચ વર્ષ પહેલાં આપણે જે કહ્યું હતું તેનાથી અનેક ગણું વધુ આપણે કરી બતાવ્યું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ જનસેવા યજ્ઞનો વિરોધ કરનારા લોકોને આડે હાથે લેતા કહ્યું કે અમે આંબા-આંબલી બતાવનારા લોકો નથી. પરંતુ 'જે કહેવું તે કરવું અને જેટલું કરી શકીએ તેટલું જ કહેવું' એ અમારા સંસ્કાર છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વની પારદર્શક, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ સરકારના પાંચ વર્ષની પૂર્ણતા પ્રસંગે ચોથી ઓગસ્ટ-નારી ગૌરવ દિવસે મુખ્યમંત્રીએ રાજ્યમાં મહિલા ઉત્કર્ષલક્ષી વિવિધ યોજનાઓનો વડોદરાથી પ્રારંભ કરાવ્યો હતો.

આ અવસરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ રાજ્યના ૧૪ હજાર મહિલા ગ્રૂપોની એક લાખ મહિલાઓને રૂ. ૧૪૦ કરોડની વગર વ્યાજની લોનનું વિતરણ કરવા સાથે મહિલા અને બાળ વિકાસ વિભાગના વિવિધ વિકાસ કાર્યોનું ડીઝીટલી લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું.

શાંતિ જાળવવામાં પોલીસની કામગીરી પર રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીનો સર્ટિફિકેટ પ્રોગ્રામ

ગાંધીનગર તા.૦૪

ગાંધીનગર ખાતેની રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીના સેન્ટર ફોર યુએન પોલિસીંગ એન્ડ પીસકીપિંગ સ્ટડીઝે તા.૨ થી ૮ ઓગસ્ટ દરમિયાન "પોલીસીંગ ઇન પીસકીપીંગ ઓપરેશન્સ" પર સર્ટિફિકેટ પ્રોગ્રામ શરૂ કર્યો છે. પ્રમાણપત્ર કાર્યક્રમોની આ શ્રેણીમાં રિસ્ક મેનેજમેન્ટ અને નેશનલ સિક્યુરિટીના સ્કૂલ ઓફ ફોરેન્સિક્સ ડિરેક્ટર ડો. જે. આર. ગૌરે ગુના અને ગુના વ્યવસ્થાપનના સ્થળે વૈજ્ઞાનિક તપાસ પર નિષ્ણાત પ્રવચન આપ્યું હતું. આ સત્રમાં રેપીડ એકશન ફોર્સના જવાનોએ ભાગ લીધો હતો.

આ સત્ર દરમિયાન પોલીસ તપાસ અધિકારીઓ દ્વારા ક્રાઈમ સીનની તપાસની સાથે, સીન ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી રેકોર્ડિંગ, પેકિંગ પ્રિઝર્વેશન ઉપાડવા અને ક્રાઈમ સીન પરથી એક્ઝિબિટ્સ ફોરવર્ડ કરવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. તે જ સમયે વિવિધ કેસોના વિવિધ જીવંત ઉદાહરણો આપવામાં આવ્યા હતા. સહભાગીઓમાં કાયદાના નિષ્ણાતો, શિક્ષણવિદો અને વહીવટના પ્રતિનિધિઓ સામેલ હતા.

૧૦૦ બીએન આરએએફના સહભાગીઓ દ્વારા કોર્સ દરમિયાન વિચારણાની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી અને ગુનાની વૈજ્ઞાનિક તપાસ અને ન્યાયના વહીવટમાં ઉપયોગી હોવાનું જાણવા મળ્યું હતું.

ગાંધીનગરમાં પર્યાવરણ બાબતે નાગરિકોમાં જાગૃતિ દિન પ્રતિદિન વધતી જાય છે, જેના પગલે અત્યારે ચાલી રહેલા ચોમાસું વાતાવરણમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં વેગ આવ્યો છે. શહેરના સેક્ટર-૩બી ખાતે સિનિયર સિટિઝન્સ તથા યુવાનો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો જે અંતર્ગત આશરે ૨૫ જેટલા વૃક્ષોનું સેક્ટરની કમ્પાઉન્ડ વોલ નજીક વાવેતર કરવામાં આવ્યું હતું.

આમ આદમી પાર્ટીના શહેર મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ

લોકગાયક વિજય સુંવાળા સહિત આમ આદમી પાર્ટીના હોદ્દેદારો, ઉમેદવારો તથા કાર્યકરો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૪

આજે સાંજે ગાંધીનગરમાં ઘ-૫ નજીક એચડીએફસી બેંકની પાસે આમ આદમી પાર્ટીના શહેર મધ્યસ્થ કાર્યાલયનું જાણીતા લોકગાયક વિજય સુંવાળાની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતમાં આમ આદમી પાર્ટીના સંસ્થાપક કિશોરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે પ્રદેશ નેતા ઈશુદાન ગઢવી હાજર રહી શક્યા નહોતા.

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી ખૂબ જ સક્રિયતા દાખવી રહી છે અને મનપાની ચૂંટણીઓને અનુલક્ષીને પાર્ટીના શહેર સંગઠનને પણ મજબૂત કરવા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત આજે આમ આદમી પાર્ટીના ગાંધીનગર શહેર મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પાર્ટીના અમદાવાદ ઝોનના સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, જીલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલ, શહેર પ્રમુખ જીતુભાઈ ધરવડીયા, શહેર સંગઠન મંત્રી વિનોદભાઈ પટેલ સહિત પાર્ટીના મનપાના ઉમેદવારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ઝોન સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલે મહાનગર પાલિકાની અને આગામી વિધાનસભાની ચુંટણીઓ માટે કાર્તકરોને માર્ગદર્શન આપતા કહ્યું હતું કે "આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં જે રીતે કાર્યો કરે છે તે જ પદ્ધતિથી ગુજરાતમાં પણ પ્રજાલક્ષી કાર્યો કરવામાં આવશે". આ સાથે તેમણે ઉમેદવારો તેમજ કાર્યકરોને ચૂંટણી માટે જોશપૂર્વક તૈયાર થવા હાકલ કરી તેમનો જુસ્સો વધાર્યો હતો.

ગુજરાતમાં રહેણાંકના મકાનો પર ૧૦૦૦ મેગાવોટના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત

રાજ્યમાં કુલ ૨.૬૬ લાખ પરિવારોએ સોલાર ગ્રીન એનર્જી ઉત્પન્ન કરવા સોલાર રોફટોપ લગાવવા બદલ રાજ્યના નાગરિકોને ખૂબ ખૂબ અભિનંદન : સૌરભભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૪

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ચારણકા ખાતે સોલર પાર્કના ઉદ્ઘાટન વખતે વર્ષ-૨૦૧૨માં એટલે કે આજથી ૯ વર્ષ પહેલા એક સપનું સેવેલું કે મારા ગુજરાતમાં સોલર રૂફટોપ યોજના થકી મધ્યમ વર્ગના સામન્ય પરિવારો જે પોતાની જાત-મહેનતથી પોતાનું ગુજરાન ચલાવે છે તે એક દિવસ પોતાના ઘરે-ઘરે વીજળી ઉત્પન્ન કરવાના નાના-નાના કારખાનાનો માલિક બનશે.

ઊર્જામંત્રીએ જણાવ્યુ કે મને ખૂબ જ હર્ષ અને ગર્વથી કહેવાનું મન થાય છે કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જોયેલું આ સપનું હવે હકીકતમાં બદલાયું છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના કુશળ નેતૃત્વ હેઠળ ગ્રીન એનર્જીને ઉત્તેજન આપવા તથા પર્યાવરણના જતનના ભાગરૂપે સૂર્ય-ગુજરાત યોજના લાગુ કરી અને તા. ૨જી ઓગસ્ટ-૨૦૨૧ના રોજ રાજ્યમાં રહેણાંક ક્ષેત્રના સોલર રૂફટોપની સ્થાપિત ક્ષમતા ૧,૦૦૦ મેગાવોટથી વધુ પણ વધુ થવા પામી છે. અને કુલ ૨.૬૬ લાખથી વધારે ઘરો પર સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત થઇ ચુકી છે. આ યોજના અંતર્ગત કુલ રૂ. ૧૬૪૦ કરોડની સબસીડી આપવામાં આવેલ છે. રહેણાંક ક્ષેત્રના સોલર રૂફટોપની સ્થાપિત ક્ષમતામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. સૂર્ય-ગુજરાત યોજના માટે કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને અત્યાર સુધીમાં ૯૩૨ મેગાવોટની ક્ષમતા માટે રૂ. ૧૫૩૦ કરોડની સહાય પણ મંજૂર કરવામાં આવેલ છે જેમાં પણ રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. સમગ્ર ગુજરાત રાજ્યની જનતાના ઉત્સાહ અને કંઇક નવું કરવાની ખુમારીને લઇને આપણા રાજ્યે એક ગૌરવપૂર્ણ સીમાચિહ્ન પાર પાડ્યું છે.

સૂર્ય-ગુજરાત યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૪૦ ટકા સુધીની સબસીડી આપવામા આવે છે અને આ સબસીડીનો લાભ લઇ વધુ ને વધુ પરિવારો તેમના ઘર ઉપર સોલર રૂફટોપ સિસ્ટમ લગાવી રહ્યા છે તે આપણા સૌ માટે ખૂબ ગૌરવરૂપ ઘટના છે.

મોબાઈલ ટાવરની બેટરીઓ-ઘરફોડ ચોરી કરતો રીઢો ચોર ઝડપાયો

સાંતેજ વિસ્તારમાંથી મોબાઈલ ટાવરની બેટરી ચોરીના ૨ ગુનામાં વોન્ટેડ આરોપીને એલસીબી-૧ પોલીસે છત્રાલ બ્રિજ નીચેથી ઝડપી પાડ્યો હતો. અમદાવાદ હાથીજણ વિવેકાનગર સોસાયટી મકાન નં. ૩૦૬ ખાતે રહેતા ભગવાનસિં ઉર્ફે રાજુ સુરેશસિંગ રાજપૂતની પોલીસે પુછતાછ કરતા

ગાંધીનગર, મહેસાણા, અમદાવાદ, ગ્રામ્યમાં મોબાઈલ ટાવરોની બેટરી ચોરી અને ઘરફોડ ચોરી સહિત કુલ ૧૧ ગુનાની કબુલાત કરી હતી. જ્યારે કલોલ તાલુકા વિસ્તારમાંથી ચોરી કરેલી લોખંડની જાડી-પાતળી, નાની-મોટી કટીંગ થયેલી પ્લેટો કુલ ૩૯૭૦ કિલો કિ. રૂ. ૧,૭૮,૬૫૦ તેમજ રૂ. ૫૦૦નો મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શ્રી જયશ્રી બ્રહ્માણી સોસાયટીની વ્યવસ્થાપક સમિતિમાં હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૪

સોસાયટીની કમિટી બેઠકમાં સર્વાનુમતે લેવાયેલ નિર્ણય મુજબ બિનહરીફ ચૂંટાયેલા ૧૧ સભ્યોની વરણી કરવામાં આવી હતી. જેમાં નારણભાઈ એસ. પ્રજાપતિ (પ્રમુખ), પ્રહલાદભાઈ પી. પ્રજાપતિ (ઉપપ્રમુખ), હરિશકુમાર પી. પ્રજાપતિ (માનદમંત્રી) તથા ચીમનભાઈ એસ. પ્રજાપતિ, જે.એ. ઓઝા, રમેશભાઈ એન. પ્રજાપતિ, રાજેન એમ. પ્રજાપતિ, મનુભાઈ કે. પ્રજાપતિ, બાબુભાઈ જે. પ્રજાપતિ, રાજેન્દ્રકુમાર એ. પ્રજાપતિ, મનોજકુમાર એસ. પ્રજાપતિ કારોબારી સભ્યો તરીકે ચૂંટાયા હતા.



દિલ્હી પબ્લિક સ્કૂલના તેજસ્વી તારલાઓ ઝળકયા

સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ- ગાંધીનગરે ૧૦૦% પરિણામ પ્રાપ્ત કર્યું છે. શાળાના ૯૭ વિદ્યાર્થીઓએ ૯૦%થી વધુ ગુણ પ્રાપ્ત કરીને શાળાની સિદ્ધિ વધારી છે. જેમાં શાળાની વિદ્યાર્થીની કુમારી તરીષી મહિપતસિંહ પરમારે ૯૯.૪૦% ગુણ મેળવીને પ્રથમ ક્રમ, અંશિકા છાબરાએ ૯૮.૬૦% ગુણ મેળવીને બીજો ક્રમ અને અમી બુચે ૯૮.૨% ગુણ મેળવીને ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. શાળાએ સરેરાશ ૮૨.૯% પરિણામ પ્રાપ્ત કર્યું છે. વિદ્યાર્થીઓના ઉત્તમ પ્રદર્શન બદલ મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સુશીલાબેન સોનીનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૪

સરઢવ પ્રા. શાળાના પૂર્વ શિક્ષક સ્વ. ત્રિકમભાઈ સોનીના

ધર્મપત્ની ગં. સ્વ. સુશીલાબેન સોનીનું આજે વહેલી સવારે અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયુ છે.

સ્વ. સુશીલાબેન અત્યંત માયાળુ સ્વભાવ ધરાવતા હતા અને સામાજિક સુધારણામાં પણ તેમણે યોગદાન આપ્યુ હતુ. તેમની પાછળ બે દિકરા અને એક દિકરીના પરિવારને વિલાપ કરતા તેઓ મુકી ગયા છે.

ગુજરાત સંસ્કૃત બોર્ડ દ્વારા ગાંધીનગર જિલ્લામાં સંસ્કૃત કાર્યશાળાનું આયોજન

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર અને શિક્ષણાધિકારી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત જિલ્લાની તમામ શાળાઓના સંસ્કૃત શિક્ષકો માટેની કાર્યશાળાનું તાજેતરમાં સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાંથી ૮૨ શિક્ષકોએ આ કાર્યશાળામાં ભાગ લીધો. સમગ્ર કાર્યશાળા સંસ્કૃત ભાષામાં સંચાલિત થઈ.

અત્રે ઉલ્લેખનીય છે કે બધી જ ભાષાઓની જનની એવી સંસ્કૃત ભાષાને વ્યવહારની ભાષા બનાવવા માટે અને સમગ્ર વિશ્વમાં સૌથી પુરાતન અને વૈજ્ઞાનિક ભાષા એવી સંસ્કૃત ભાષાને ઉજાગર કરવાનો પ્રયાસ ગુજરાત સરકાર દ્વારા થઈ રહ્યા છે. ત્યારે આ કાર્યશાળા સમગ્ર ગુજરાતની સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત કાર્યશાળા હતી.

આ કાર્યશાળામાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરતભાઈ વાઢેર, ગુજરાત સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ જયશંકરભાઈ રાવલ, ઉપાધ્યક્ષ નંદકિશોર મહેતા ખાસ ફરજ પરના અધિકારી કે.કે. કરકર, શિક્ષણવિદ્ ગજેન્દ્રભાઈ જોષી અને મદદનીશ અધિકારી પુલકીતભાઈ જોષી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય મુકેશકુમાર જાનીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ.

જય હો...● અનુસંધાન પહેલાનું ચાલુ

તોડવાની ટેક્નિક કારગત સાબિત થઈ હતી. બુસેનાઝે સતત રેફરીને લવલીનાના ખોટા પંચની ફરિયાદ કરીને તેને દબાણમાં રાખવાના પ્રયાસ કર્યા હતા આ પછી બુસેનાઝ લવલીના પર હાવી થઈ ગઈ અને તેણે ૫-૦થી મેચ જીતીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. એટલે કે હવે બુસેનાઝ માટે સિલ્વર પાક્કો થઈ ગયો છે પરંતુ તેની ટેક્નિક અને આત્મવિશ્વાસને જોતા તે ગોલ્ડ જીતશે તેવી પ્રબળ સંભાવનાઓ દેખાઈ રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લવલીનાને બ્રોન્ઝ મેડલ જીતવા બદલ શુભેચ્છાઓ પાઠવી છે. મોદીએ લખ્યું છે કે, લવલીના સારું લડી! તેને બોક્સિંગ રિંગમાં મળેલી સફળતા ઘણાં ભારતીયોને પ્રોત્સાહિત કરનારી છે. તેનું તપ અને દૃઢ નિશ્ચય પ્રશંસનીય છે. બ્રોન્ઝ મેડલ જીતવા બદ ખુબ-ખુબ શુભેચ્છાઓ. ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ. આ સિવાય દેશની અન્ય હસ્તીઓ અને રમત-ગમત સાથે સંકળાયેલા લોકો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે. લંડન ઓલિમ્પિકમાં બ્રોન્ઝ જીતેલા વિજેન્દ્ર સિંઘે પણ લવલીનાએ ટોકિયો ઓલિમ્પિકમાં મેળવેલી ખ્યાતીની પ્રશંસા કરી છે.

પ્રચંડ પૂર...● અનુસંધાન પહેલાનું ચાલુ

શાળાઓ જેવાં સલામત સ્થળોએ રાહત શિબિરો ગોઠવીને લોકોને મદદ કરવામાં આવી રહી છે. સૌથી ખરાબ પરિસ્થિતિ શિવપુરીમાં છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ અહીંની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. મંગળવારે-બુધવારે રાત્રે મુખ્યમંત્રી ચાર શહેરોના કલેક્ટરો, વિભાગીય કમિશનરો અને આઈજી સાથે ક્ષણે ક્ષણિક અપડેટ્સ લેવા માટે સતત ચર્ચા કરી રહ્યા છે.

શ્યોપુરમાં ૪ દિવસથી વરસાદ રોકાવાનું નામ નથી લઈ રહ્યો. બાંલદાનાળામાં પૂર આવવાથી શ્યોપુર શહેરનો સંપર્ક તૂટી ગયો છે. સીપ નદીમાં પૂર પછી સોઈકલા, માનપુર, સવાઈ માધોપુર, રૂટથી પણ સંપર્ક તૂટી ગયો છે. ક્વારી નદીના કિનારે ઈકલૌદ ગામમાં ફસાયેલા ૯ લોકોને અને નજીકના એક અન્ય ગામમાં ફસાયેલા ૨૫ લોકોને પ્રશાસને બહાર કાઢ્યા છે. રઘુનાથ પૂરમાં તળાવમાં પાણી ભરાતાં ૩ ગામ જળમગ્ન થઈ ગયાં છે અને ત્યાંના ૧૫૦ લોકોને પ્રશાસને તાત્કાલિક સુરક્ષિત સ્થાન પર ખસેડી ગામ ખાલી કરાવવામાં આવ્યું છે.

અહીં સિંધ નદીમાં આવેલા પૂરને કારણે તબાહી મચેલી છે. ગોરાઘાટ પાસે સિંધ નદી પર બનેલો લાંચનો પુલ તણાઈ ગયો છે. અહીં આશરે ૧૮ ફૂટ પાણી ભરાઈ ગયું છે. આ જ રીતે રતનગઢ મંદિર પાસે પુલનું પાણી ભરાઈ ગયું છે. આશરે ૫૦ ગામોના લોકો ફસાયેલા છે. જિલ્લાના સૌથી મોટા શહેર સેંવઢાને ખાલી કરાવવામાં આવી રહ્યું છે.

તલોદમાં નારી ગૌરવ દિવસની ધામધૂમથી ડીજિટલ ઉજવણી

તલોદ, તા. ૪

તલોદ પાલિકાના કોમ્યુનિટી હોલમાં પાલિકા અને તાલુકા પંચાયતના ઉપક્રમે બુધવારે સવારે

મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓની હાજરીમાં પ્રાંતિજ/તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે દિપ પ્રાગટ્ય કરી ડીઝીટલ દ્વારા ખાતમુહૂર્ત કરી સ્ત્રીઓને સરકાર દ્વારા મળતા વિવિધ લાભોની જાણકારી આપી ગ્રામ્ય વિસ્તારો અને પાલિકા દ્વારા ચાલતા સખી મંડળોને બેંકો દ્વારા મળતી ઓછા વ્યાજે ધિરાણના ચેકો વિતરણના કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સરકારને પાંચ વર્ષ પૂર્ણ કરતા રાજ્યવ્યાપી નારી દિવસની ઠેર ઠેર ઉજવણી કરવાના ભાગરૂપે તલોદ પાલિકા અને તાલુકા પંચાયતના ઉપક્રમે મોટી સંખ્યામાં નારી દિવસના કાર્યક્રમમાં ડીઝીટલ દ્વારા સરકારના અનેક લાભોથી અવગત કર્યા હતા અને પાંચ વર્ષથી નારીઓના ઉત્કૃર્ષ માટે સરકાર દ્વારા વિકાશલક્ષી કામગીરી તેમજ તેમના હક્કો વિશે પુરી જાણકારી આપી તેમને પગભેર કરવા સરકાર દ્વારા કટિબદ્ધતા જાણકારી આપી હતી.

નારી ગૌરવ દિવસની ઉજવણીમાં ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પાલિકા પ્રમુખ દક્ષાબેન ઝાલા, ઉપપ્રમુખ ઋતુલકુમાર પટેલ, ચિફ ઓફીસર સંજયકુમાર રામાનુજ, તાલુકા વિકાક અધિકારી દામોદરભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ પાલિકા અને તાલુકા પંચાયતના કર્મચારીઓએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

ગાંધીનગર જિલ્લાના સાહેબજીના મુવાડા ગામે ગ્રામ પંચાયતના નવીન મકાનનું લોકાર્પણ કરાયું હતુ. આ પ્રસંગે અગ્રણી જયદીપસિંહ તથા જીતેન્દ્રસિંહ સહિત ગામના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજકોસ્ટના સહયોગથી બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં 'ગ્રીન બિલ્ડિંગ અને ટકાઉ વિકાસ' વિષય પર વર્કશોપ યોજાયો

ગાંધીનગર-માણસા રોડ પર આવેલા બાપુ ગુજરાત નોલેજ વિલેજ માં શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના ડિપ્લોમાં સિવિલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ગુજકોસ્ટ સહયોગથી એક મહત્વના વર્કશોપ નું આયોજન "ગ્રીન બિલ્ડિંગ અને ટકાઉ વિકાસ" વિષય પર તા. ૩ અને ૪ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ગ્રીન બિલ્ડિંગ તેના પ્રતિકૂળ અસરો સાથે ટકાઉ વિકાસના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા. વર્કશોપમાં આશરે ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપનું સંચાલન પ્રો.વિનય જયસિંઘાની, પ્રો.કૌશલ રાવલ, પ્રો.મિત્તલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

વર્કશોપના માધ્યમથી કોલેજના વિદ્યાર્થઓના જ્ઞાનમાં વધારો કરવા બદલ કેમ્પસના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ પ્રો.ખાલિદ સિદ્દીકી સમગ્ર સિવિલ એન્જિનિયરિંગ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.